# ગિફ્ટ સિટી માટે સોફ્ટવેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી : પિત્રોડા



વાઇબ્રન્ટ સમિટ અંતર્ગત યોજાયેલા સેમિનારમાં આવેલા વડાપ્રધાનના સલાહકાર સામ પિત્રોડાએ અગ્રણીઓ સાથે ચર્ચા કરી હતી. -શૈલેષ સોલંકી

## ગુજરાતીઓ એટલે વ્યાપાર અને ગિફ્ટ સિટી એટલે વ્યાપાર સિટી

**ભાસ્કર ન્યૂઝ . ગાંધીનગર**

ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સેન્ટરના નિર્માણ માટે માત્ર મકાન નહીં પણ વિરાટ સોફ્ટવેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પણ જરૂર હોય છે તેમ નોલેજ કમિશનના પૂર્વ વડા અને વડાપ્રધાનના સલાહકાર સામ પિત્રોડાએ જણાવ્યું હતું.

ગુરુવારે ગાંધીનગરમાં યોજાયેલી પાંચમી વાઈબ્રન્ટ સમિટમાં 'ભારતમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ' વિષય ઉપર યોજાયેલા સેમિનારમાં બોલતાં તેમણે કહ્યું હતું કે, કોઈ પણ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સેન્ટર માટે ઈનક્લુઝિવ ગ્રોથ મહત્ત્વનો હોય છે. તે માટે સ્પીડ, ફાઈબર નેટવર્ક, બ્રોડબેન્ડ, કનેક્ટિવિટી હોવી જરૂરી છે. જ્યાં સુધી આ માળખું નહીં હોય ત્યાં સુધી કોઈ પણ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સેન્ટર સફળ થઈ શકે નહીં. જો આ માળખું વ્યવસ્થિતપણે ગોઠવાયેલું હશે તો બાકીનું માળખું આપોઆપ ગોઠવાઈ જશે. જો ગિફ્ટસિટીમાં સોફ્ટવેર માળખું નહીં હોય તો તે પણ એક કોમર્શિયલ સેન્ટર બનીને જ રહી જશે.

દેશમાં મોબાઈલ વપરાશકારો જંગી સંખ્યામાં વધ્યા છે, પરંતુ બેંકના વ્યવહાર માટે મોબાઈલધારકોને કેળવી શક્યા નથી. હવે દેશમાં યુનિક આઈડી નંબર માટે કામ થઈ રહ્યું છે. આ નંબરને કારણે બેન્કિંગ વ્યવહાર અત્યંત સરળ બની જશે અને આમ ઈનક્લુઝિવ ગ્રોથ થશે. હાલમાં દેશની ૨,૫૦,૦૦૦ જેટલી પંચાયતોને બ્રોડબેન્ડથી જોડવાની કવાયત હાથ ધરાઈ છે. તાજેતરમાં ભારતના પ્રવાસે આવેલા અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને પણ ઈ-પંચાયતથી વાકેફ કરાયા છે. તેમણે આ વાતનો ઉલ્લેખ વડાપ્રધાન સાથેની સમિટમાં પણ કર્યો હતો. ઓબામાએ કહ્યું હતું કે, વિચારવાની બાબતમાં ભારતીયો ઘણા આગળ છે. ભવિષ્ય ઈનોવેશનનું છે. ક્રેડિટ કાર્ડ, કૂપન વગેરે હવે ડિજિટલ કેશ છે. તેનો જ ઉપયોગ થવો જોઈએ.

## કૌભાંડો અટકાવવા પણ આઇ.ટી. અનિવાર્ય

**ટુ-જી** કૌભાંડનો ઉલ્લેખ કરીને પિત્રોડાએ જણાવ્યું કે, ૩-જીની હરાજીમાં સરકારને જંગી માત્રામાં નાણાં મળ્યાં હતાં. તેનું કારણ એ હતું કે ઇ-ટેન્ડરિંગ મારફતે તેની હરાજી થઈ હતી. ટુ-જીમાં આ પદ્ધતિ નહીં અપનાવાતાં કૌભાંડ થયું. તેવું જ જમીન કૌભાંડોનું પણ છે. ઈ-ધરા જેવા પ્રોજેક્ટ અને જમીનોના દસ્તાવેજોનું ડિજિટલાઇઝેશન થશે તો જમીન કૌભાંડ પણ અટકી જશે.